Thursday
24.11.2022
*Volume :7 * Issue No.114

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,




# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily



*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)



*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-


## ઓસ્ટ્રેલિયાની સંસદે ભારતની સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટને આપી મંજૂરી, જાણો શું મળશે ફાયદો

કમલમ્ ન્યુઝ,કેનબરા

ઓસ્ટ્રેલિયાની સંસદે ભારતની સાથે મુક્ત વ્યાપાર કરાર(FTA) ને મંજૂરી આપી છે. હવે બંને દેશ આપસી સહમતિથી નિર્ણય કરશે કે આ કરાર કઈ તારીખથી લાગૂ થશે. ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થની અલ્બનીજે એક ટ્વીટમાં આ જાણકારી આપી છે. તેમણે લખ્યું- 'મોટા સમાચાર: ભારતની સાથે અમારી મુકત વ્યાપાર કરાર સંસદમાંથી પાસ થઈ ગયો છે.' ભારત-ઓસ્ટ્રેલિયા આર્થિક સહયોગ અને વ્યાપાર કરાર (AI-ECTA) ને લાગૂ કરતા પહેલા ઓસ્ટ્રેલિયન સંસદની મંજૂરીની જરૂર હતી. ભારતમાં આ પ્રકારના કરારને કેન્દ્રીય મંત્રીમંડળ મંજૂરી આપે છે. અને આ વિષે ભારતે શું કહ્યું? તે પણ જાણો..

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયુષ ગોયલે એક ટ્વીટમાં કહ્યું, 'ખુશી છે કે ભારત-ઓસ્ટ્રેલિયા આર્થિક સહયોગ અને વેપાર કરારને ઓસ્ટ્રેલિયાની સંસદે મંજૂરી આપી દીધી છે.' તેમણે આગળ લખ્યું- આપણી ગાઢ મિત્રતાને કારણે, આ આપણા માટે વ્યાપાર સંબંધોને પૂરી ક્ષમતા સાથે આગળ વધારવા અને મોટા પાયા પર આર્થિક વૃદ્ધિને ગતિ આપવા માટે મંચ તૈયાર કરે છે. ગોયલે દિલ્હીમાં એક કાર્યક્રમમાં કહ્યું કે હવે ઓસ્ટ્રેલિયન સરકાર પોતાની કાર્યકારી પરિષદની મંજૂરી લેશે.

આ સિવાય મંત્રાલયે કહ્યું કે, કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી લેવી પડશે. તેમણે કહ્યું કે, આ મંજૂરીઓને જલદી હાસિલ કરવાની જરૂર છે. તેમણે કહ્યું કે આ કરાર ભારત માટે ન્યાય સંગત અને સારો છે. શું થશે ફાયદો?... તે પણ



જાણી લો.. જેમાં એક અધિકારીએ કહ્યું કે હવે બંને પક્ષો પરસ્પર સંમતિથી નક્કી કરશે કે આ કરાર કઈ તારીખથી અમલમાં આવશે. કસ્ટમ સત્તાવાળાઓ આ અંગે નોટિફિકેશન બહાર પાડશે. FTA અમલમાં આવ્યા પછી, કાપડ, ચામડું, ફર્નિચર, જવેલરી અને મશીનરી સહિત ભારતમાંથી ૬,૦૦૦ થી વધુ ઉત્પાદનોને ઓસ્ટ્રેલિયન બજારમાં ડ્યૂટી ફ્રી એક્સેસ મળશે.

## મુંબઈ પોલીસને પ્રધાનમંત્રીને જાનથી મારવાની ધમકીનો મેસેજ મળ્યો,સાઈબર ટીમ થઇ એલર્ટ

કમલમ્ ન્યુઝ,મુંબઈ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મારી નાખવાની ધમકી મુંબઈ ટ્રાફિલ પોલીસને મળી છે. મુંબઈ ટ્રાફિક પોલીસની પાસે પીએમ મોદીને લઈને ધમકીભર્યો કોલ આવ્યો છે, ત્યારબાદ હડકંપ મચી ગયો છે. મુંબઈ ટ્રાફિક પોલીસને કોલ સિવાય ધમકીભર્યો મેસેજ પણ આવ્યો છે.

પીએમ મોદી સાથે જોડાયેલી ધમકી બાદ મુંબઈના વર્લી પોલીસ સ્ટેશનમાં એક લેખિત ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસે તપાસ શરૂ કરી છે. આ સિવાય સાઈબર ટીમ પણ એલર્ટ થઈ ગઈ છે. નોંધનીય છે કે પોલીસે તે મોબાઈલ નંબર અને યૂઝર આઈડીને ટ્રેક કરવાનું શરૂ કરી દીધુ છે, જયાંથી આ કોલ આવ્યો છે. પોલીસની ટીમ એલર્ટ મોડ પર છે અને ધમકીઆપનાર વ્યક્તિને શોધી રહી છે. પોલીસ અધિકારીનું કહેવું છે કે જે પણ દોષીત હશે તે જલદી ઝડપાઈ જશે. આશંકા વ્યકત કરવામાં આવી રહી છે કે મુંબઈ ટ્રાફિક પોલીસને આવેલો



ધમકીભર્યો કોલ ડી કંપની તરફથી હોઈ શકે છો. પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે. પોલીસ અધિકારીઓએ કહ્યું કે તેમને ઓડિયો ક્લિપ પણ મોકલવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે મુંબઈ ટ્રાફિક પોલીસને પીએમ મોદીને લઈને ધમકી મળી તો તેની સૂચના મુંબઈના વર્લી પોલીસ સ્ટેશનને આપવામાં આવી છે. ત્યારબાદ વર્લી પોલીસ સ્ટેશને કેસ દાખલ કરી તપાસ શરૂ કરી છે. આ કેસમાં સાઈબર સેલની મદદ પણ લેવામાં આવી છે. રિપોર્ટ અનુસાર મુંબઈ ટ્રાફિક પોલીસને પીએમ મોદીને લઈને ધમકી મળ્યા બાદ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને એલર્ટ પર રાખવામાં આવી છે. તેની પાછળ કોણ છે, તેની માહિતી મેળવવા તપાસ શરૂ કરવામાં આવી છે.

## કાંતિલાલ અમૃતિયા ના ધર્મપત્નિ જ્યોત્સના બેન અમૃતિયાએ પૂ.જલારામબાપા ના ચરણો માં વંદન કરી આશિર્વાદ પ્રાપ્ત કર્યા.



કમલમ્ ન્યુઝ,

ભાજપના અગ્રણીઓએ જલારામબાપાના ચરણોમાં વંદન કરી આશિર્વાદ પ્રાપ્ત કર્યા મોરબી શ્રી જલારામ પ્રાર્થના મંદિર ખાતે કાંતિલાલ અમૃતિયા ના ધર્મપત્નિ જ્યોત્સના બેન અમૃતિયા, શહેર ભા.જ.પ. પ્રમુખ લાખાભાઈ જારીયા, જયુભા જાડેજા, રાઘવજીભાઈ ગડારા, અનીલભાઈ વરમોરા, નિલેશભાઈ જેતપરીયા, ભાવેશભાઈ કંઝારીયા સહીતનાં અગ્રણીઓએ પૂ.જલારામબાપા ના ચરણો માં વંદન કરી આશિર્વાદ પ્રાપ્ત કર્યા.ગીરીશભાઈ ઘેલાણી, નરેન્દ્રભાઈ રાચ્છ, કીશોરભાઈ ચંડીભમર, દીપકભાઈ પોપટ, ભાવીનભાઈ ઘેલાણી, અનિલભાઈ સોમૈયા, મનોજભાઈ ચંદારાણા, રમેશભાઈ બુધ્ધદેવ સહીતનાં જલારામ મંદિર ના અગ્રણીઓ દ્વારા ઉપસ્થિત મહાનુભવો નું અભિવાદન કરવા મા આવ્યુ.મોરબી શહેર તેમજ આસપાસ નાં વિસ્તારો માં વિવિધ પ્રકાર ની માનવસેવા પ્રદાન કરતા શ્રી જલારામ પ્રાર્થના મંદિર ખાતે મોરબી-માળીયા ૬૫ વિધાનસભા નાં ભા.જ.પ. ના ઉમેદવાર મા.શ્રી. કાંતિભાઈ અમૃતિયા નાં ધર્મપત્નિ શ્રીમતિ જ્યોત્સનાબેન અમૃતિયા, શહેર ભા.જ.પ. પ્રમુખ લાખાભાઈ જારીયા, જયુભા જાડેજા, રાઘવજીભાઈ ગડારા, અનિલભાઈ વરમોરા, નિલેશભાઈ જેતપરીયા, ભાવેશભાઈ કંઝારીયા સહીત નાં અગ્રણીઓ દ્વારા પૂ. જલારામ બાપા ના ચરણો માં વંદન કરી પૂ.જલારામબાપા નાં આશિર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ તકે મોરબી જલારામ મંદિર નાં અગ્રણીઓ દ્વારા ઉપસ્થિત દરેક મહાનુભવો નુ અભિવાદન કરવા માં આવ્યુ હતુ.અત્રે ઉલ્લેખનીય છે કે મોરબી જલારામ મંદિર દ્વારા વિવિધ પ્રકાર ની માનવસેવા જેવી કે બિનવારસી મૃતદેહ ના અંતિમસંસ્કાર, વૈકુંઠરથ સેવા, અંતિમયાત્રા બસ, શબવાહીની સેવા, એમ્બ્યુલન્સ સેવા,મેડિકલ સાધનો ની સેવા, દરરોજ બપોરે તથા સાંજે પ્રસાદ ની વ્યવસ્થા, પદયાત્રીઓની સેવા, અસ્થિ વિસર્જન સેવા, બ્લડ ડોનેશન, દર મહીને વિનામુલ્યે નેત્રમણી-નેત્રામણી કેમ્પ, કુદરતી આફત સમયે સેવા વગેરે કોઈપણ જાત નાં નાત-જાત ના ભેદભાવ વગર સમાજ ને વિનામુલ્યે પ્રદાન કરવા માં આવે છે. આજ દીન સુધીમાં કુલ ૧૫ વિનામુલ્યે નેત્રમણી-નેત્રયજ્ઞ કેમ્પ માં કુલ ૪૪૫૮ લોકો નુ સચોટ નિદાન કરવા માં આવ્યુ છે. મોરબી જલારામ મંદિર ની અવિરત સેવાકીય પ્રવૃતિઓ બદલ ઉપસ્થિત મહાનુભવોએ સંસ્થાના અગ્રણીઓને બિરદાવ્યા હતા તેમજ પૂ.જલારામબાપા ની સેવાજ્યોત મોરબી મુકામે અવિરતપણે પ્રજ્જ્લવિત રાખવા બદલ સેવા ના ભેખધારીઓને શુભકામનાઓ સહ અભિનંદન પાઠવ્યા હતા.

## બી.સી.એ. કોલેજ, સાંકળચંદ પટેલ યુનિવર્સિટી વિસનગર વિદ્યાર્થીઓ ની NSS માં રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી




કમલમ્ ન્યુઝ,

વિસનગર સ્થિત સાંકળચંદ પટેલ યુનિવર્સિટિ સંલગ્ન શ્રી સી જે પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીસ–BCA îkhk NSS પ્રવૃતિ માટે વિધ્યાર્થીઓને રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી થાય તે માટેની તાલીમ અને અવિરત પ્રયાસો થઈ રહ્યા છે. NSS દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ યોજાતી NIC (National Integration Camp)–2022 હરિયાણાની કુરુક્ષેત્ર યુનિવર્સિટિની દેખરેખમાં ૧૨/૧૧/૨૦૨૨ થી ૧૮/૧૧/૨૦૨૨ તારીખ દરમ્યાન યોજાયો હતો. આ રાષ્ટ્રીય કક્ષાના કેંપમાં મ્ઝછ ના કુલ ૬ – સેનમાં મિતેશ, ઠાકોર વિશાલ, સેનમાં જૈમિન, ઠાકોર ઉર્મિલા, પટેલ મીનાક્ષી અને પ્રજાપતિ હિમાની વિધ્યાર્થીઓ સાંકળચંદ પટેલ યુનિવર્સિટિ અને ગુજરાત રાજ્ય કક્ષાએ પસંદગી પામેલ. સમગ્ર યુનિવર્સિટિ દ્વારા કુલ ૮ વિધ્યાર્થીઓએ ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિને રજૂ કરી હતી. આ વિધ્યાર્થીઓએ હરિયાણામાં દેશભરમાં થી NSS દ્વારા આવેલ કુલ 200 volunteers દ્વારા પરેડ તથા વિવિધ રાજ્યોની સંસ્કૃતિનું પ્રદશન તથા આદાનપ્રદાન કર્યું. વિધ્યાર્થીઓને આવા રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી થાય એ માટે સાંકળચંદ પટેલ યુનિવર્સિટિના NSS અને sports ડાઈરેકટર ડો. રાકેશ પટેલ અને BCA કોલેજના NSS coordinator પ્રો. યોગેશ પટેલ દ્વારા વિધ્યાર્થીઓને સઘન તાલીમ અપાઈ હતી. વિધ્યાર્થીઓની રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી થતાં BCA કોલેજ ના in-charge પ્રિન્સિપાલ ડો. અભિજીતસિંહ જાડેજા, યુનિવર્સિટિના પ્રોવોસ્ટ ડો. ડી જે શાહ અને સાંકળચંદ પટેલ યુનિવર્સિટિના પ્રમુખ શ્રી પ્રકાશભાઈ પટેલ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ભાજપનાં ઉમેદવાર શ્રીમતી માલતીબેન મહેશ્વરી ને જંગી બહુમતી થી જિતાડવા સમસ્ત કંડલા કોમ્પ્લેક્ષ મહેશ્વરી સમાજની વિજય ભવની બેઠક યોજવામાં આવી









કમલમ્ ન્યુઝ,

તા.૨૦.૧૧.૨૦૨૨ નાં રોજ ગાંધીધામનાં ફન એન્ડ ફુડ હોટલ મધ્યે ગાંધીધામ વિધાનસભા ચુંટણી ભાજપનાં ઉમેદવાર શ્રીમતી માલતીબેન મહેશ્વરી ને જંગી બહુમતી થી જિતાડવા સમસ્ત કંડલા કોમ્પ્લેક્ષ મહેશ્વરી સમાજની વિજય ભવની બેઠક યોજવામાં આવી હતી. જેનું સંચાલન કંડલા કોમ્પ્લેક્ષ મહેશ્વરી સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં કંડલા કોમ્પ્લેક્ષ મહેશ્વરી સમાજના વિવિધ વિસ્તારનાં પ્રમુખશ્રીઓ સાથે કારોબારી કમેટી નાં મેમ્બરો સાથે સમસ્ત મહેશપંથી સમાજનાં મુખ્ય ધર્મ સ્થળોના પ્રમુખો અને અખિલ ભારતીય માતંગ મંડળના પ્રમુખ સાથે આગેવાનો નાં સાથે લખણાઈ દેવી મહિલા ગ્રૂપ, મહિલા વિકાસ સમિતિ ગ્રૂપ, લુણંગનગર મહિલા ગ્રૂપ, સમાજનાં નગરસેવકો, ધર્મગુરુઓ સાથે સમાજનાં શુભચિંતકો હાજર રહીને શ્રીમતી માલતીબેન મહેશ્વરી નું ભવ્ય સન્માન કરવામાં આવ્યું અને સર્વે સૂર સાથે ભવ્ય જીત મેળવે તેવા આશીર્વાદ આપ્યા હતા. આ કાર્યક્રમમાં શ્રી લક્ષ્મણભાઈ થારુ, ગુળથર મતિયા દેવ ધામના પ્રમુખ શ્રી લક્ષ્મણભાઈ ભરાડીયા, શ્રી કિશનભાઈ દનીચા, શ્રી પ્રકાશ મારાજ, માતઈદેવ પ્રમુખ શ્રી લક્ષ્મણભાઈ લાલણ, બગથાળા અંજાર મામઈ દેવ ધામના શ્રી ખીમજીભાઈ માતંગ, શ્રી મયુરભાઈ સિંધવ અને અખિલ ભારતીય માતંગ મંડળના પ્રમુખશ્રી ધીરજ દાદા લાલણ, શ્રી નાગશી માતંગ, શ્રી કિશોરભાઈ મતિયા, શ્રી ભારમલ ગરવા, ત્રૈઈજાર મામઈદેવ ધામના રમેશભાઈ ધુવા, કંડલા કોમ્પ્લેક્ષની મહિલા શકિત મંડળનાં પુરબાઈબેન ડોરું, જયાબેન હિંગણા મીનાબેન,વાલુબેન, લક્ષ્મીબેન, લીલાબેન, મંજુલાબેન આયડી, હંસાબેન, પુરબાઈ કજ્ઞર, તારાબેનઅબચુંગ, લક્ષ્મીબેન સંજોટ, મહેશ્વરી યુવા સંગઠનનાં ડો.કિશનભાઈ કટુવા, આ કાર્યક્રમનું સંચાલન પ્રમુખશ્રી અશોકભાઈ ઘેલા, મહામંત્રી શ્રી જીવરાજ ભાંભી, શ્રી બાબુભાઈ જંજક, પ્રહલાદભાઈ ઠોટીયા, શ્રીપુનમભાઈ કટુવાએ કર્યુંહતું. જેમાં સામાજીક આગેવાન શ્રી રામજીભાઈ ઘેળા, શ્રી કેરશનભઈ કોચરા, શ્રી હર્ષિભાઈ થારુ, શ્રી નારણભાઈ ભાંભી, શ્રી કિશોર માતંગ, શ્રી હિરજીભાઈ મુછડિયા, શ્રી રામ માતંગ, શ્રી કાનજીભાઈ ચુણા, કેશવજીભાઈ બળગા, શ્રી રામલાલ સિરોખા, શ્રી કરશન ભર્યા, શવજીભાઈ કોચરા, શ્રી કાનજીભાઈ સોલંકી, શ્રી પ્રેમભાઈ બળિયા, શ્રી હીરાભાઈ પિંગોલ, શ્રી શવજીભાઈ વિગોરા, હરિભાઈ બળગા, શ્રી લાલજીભાઈ કજ્ઞર, શ્રી સુરેશ મારાજ, શ્રી સામજી પિંગલસૂર, શ્રી ગોવિંદભાઈ નિંજાર, શ્રી પ્રવીણભાઈ ધેડા, શ્રીમતી પૂર્વીબેન મેઘાણી, શ્રીમતી મનીષાબેન ધુવા, શ્રીમતી ચંદ્રિકાબેન દાફડા, શ્રી મુરજીભાઈ અબચુંગ , શ્રી પ્રકાશભાઈ, ખેરાજભાઈ બળિયા, સામજી ઘેડા, સામજી ધુવા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# વાળ ખાવાની આદતને લીધે બાર વર્ષની બાળકીની હોજરીમાં લગભગ ૮૦ સે.મી.ના કદની પત્થર જેવી ગાંઠ બંધાઈ ગઈ અને ખોરાક આગળ જતો અટકી ગયો...!!

**સયાજી હોસ્પિટલના સર્જરી વિભાગે લેપ્રોટોમી દ્વારા વાળની ગાંઠ કાઢી બાળકીને મુશ્કેલીમાં થી ઉગારી...**

**સાઈકિયાટ્રિસ્ટ ડો.રાકેશ ગાંધી ના મતે પરિવારજનોએ બાળકોની આ પ્રકારની આદત અટકાવવા નિરીક્ષણ આધારિત કાળજી લેવી જોઈએ..**



## સહ પ્રાધ્યાપક ડો.ડી.કે.શાહનું કહેવું છે કે બે ત્રણ વર્ષે આવો એકાદ કિસ્સો આવે છે

કમલમ્ ન્યુઝ,વડોદરા,

સયાજી હોસ્પિટલના સર્જરી વિભાગે એક ઉમદા કાર્ય કર્યું છે. શહેરના કિશનવાડી વિસ્તારના એક પરિવારની બાર વર્ષની બાળકીની હોજરીમાં થી વાળના ગુચ્છાની પત્થર જેવી સખત ગાંઠ કાઢીને એને તબીબી તકલીફોમાં થી મુક્તિ અપાવી છે.સર્જરી વિભાગ દ્વારા તેના વડા ડો.દિલીપ ચોકસીના માર્ગદર્શન હેઠળ વર્ષ દરમિયાન આ પ્રકારની વિવિધ સર્જરી કરી,જરૂરિયાતમંદ દર્દીઓને રાહત આપવામાં આવે છે.

કેટલી મોટી અને વ્યાપક હતી આ ગાંઠ?...

સર્જરી વિભાગના સિનિયર સર્જન અને સહ પ્રાધ્યાપક ડો.ડી.કે.શાહનું અનુમાન છે કે આ બાળકી લાંબા સમય થી વાળ ખાતી હોવી જોઈએ કારણ કે તેના લીધે બંધાયેલી ૮૦ સેમીની ગાંઠ આખી હોજરીમાં ફેલાઈને આંતરડા સુધી પહોંચી ગઈ હતી.અને તેના કુટુંબીજનો ને,બાળકી ચોક અને માટી ખાય છે, પણ વાળ ખાય છે એવીખબર જ ન હતી..!! આ ગાંઠને લીધે હોજરીમાં થી ખોરાક આગળ જ વધતો ન હોવાથી બાળકીને ઊલટીઓ થતી હતી.

વાળની ગાંઠ હોવાની કેવી રીતે ખબર પડી...?

બાળકીની તકલીફો જોઈને સર્જરી વિભાગ દ્વારા ચોકસાઈ માટે એન્ડોસ્કોપી કરવામાં આવી જેમાં હોજરીમાં વાળની ગાંઠ જણાતાં તકેદારીના ભાગરૂપે સત્વરે સર્જરી કરવામાં આવી જેનું સારું પરિણામ મળ્યું છે.

સાઈકીએટ્રી વિભાગ દ્વારા પણ બાળકીને આપવામાં આવી જરૂરી સારવાર...

આ બાળકીની સારવારમાં સયાજી હોસ્પિટલના સાઈકીએટ્રી વિભાગે પણ બાળકી અને પરિવારજનોનું જરૂરી કાઉન્સિલિંગ દ્વારા સહયોગ આપ્યો છે.

આમ તો આ બાળકીને કોઈ મનો ચિકિત્સકિય સમસ્યા ન હતી એવી જાણકારી આપતાં ડો.રાકેશ ગાંધીએ જણાવ્યું કે તેમ છતાં,વાળ જેવી અખાદ્ય વસ્તુ ખાવાની તીવ્ર ઈચ્છા - ઈમ્પલ્સ ના નિયંત્રણમાં ઉપયોગી થોડીક દવાઓ અમે આપી અને પરિવારને બાળકોને આ પ્રકારની આદતો ન પડે એ માટે તેમના નિરીક્ષણ ની સલાહ આપી.ઘણીવાર કેલશ્યમ જેવા તત્વોની ઉણપ ને લીધે બાળકોમાં ચોક, માટી,કચરો,વાળ જેવી અખાદ્ય વસ્તુઓ ખાવાની તીવ્ર ઈચ્છા થતી હોય છે એવું એમનું કહેવું છે.

ડો. ડી.કે.શાહે જણાવ્યું કે તેમના વિભાગમાં બે ત્રણ વર્ષે એકાદવાર આવા કિસ્સા આવતા હોય છે. બાળક નિર્દોષ અને અણજાણ હોય છે.એટલે પરિવારે તેમની આદતો નું નિરીક્ષણ કરી,જયાં વિકૃતિ દેખાય ત્યાં સુધરવાની કાળજી લેવી જોઈએ.અન્યથા આ પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

સયાજી હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો.રંજન કૃષ્ણ ઐયરે આ કિસ્સો વાલીઓ માટે આંખ ખોલનારો હોવાની લાગણી વ્યકત કરતા,બાળકીની જરૂરી સચોટ સારવાર કરવાની સેવા નિષ્ઠા માટે બંને વિભાગોને હાર્દિક ધન્યવાદ આપ્યા છે.



કમલમ્ ન્યુઝ,

નરેન્દ્રભાઈ મોદી વિચાર મંચના ગુજરાત રાજ્ય ના મંત્રી શ્રી , ૧૭૧ વ્યારા વિધાન સભાના લોકપ્રિય ભારતીય જનતા પાર્ટી ના ઉમેદવાર શ્રી મોહનભાઈ કોંકણી, પ્રમુખ શ્રી વિજય ભાઈ મેસુરિયા, ડો. આરતીબેન ભીલ દ્વારાં તાપી જિલ્લા ના કમલમ્ દૈનિક બ્યુરો ચીફસંજયભાઈ ચૂડગર(શાહ) ને શુભેચ્છા પત્ર અર્પણ કરવામાં આવ્યોઈ



કમલમ્ ન્યુઝ,

ભારતીય જનતા પાર્ટી અબડાસા વિધાનસભા ના ઉમેદવાર પ્રદ્યુમન સિંહ જાડેજા ના પ્રચાર પ્રવાસ માં નુંધાતડ ગામ માં ભાનુશાલી સમાજ ના અગ્રણી દેશ મહાજન ના આજીવન પ્રમુખ પ્રવિણચંદ્ર બાબુભાઈ ભાનુશાલી તાલુકા ભાજપ ના પ્રમુખ શ્રી મહેશભાઈ ભાનુશાલી સરપંચ શ્રી અરવિંદભાઈ ભાનુશાલી મહાજન ના પ્રમુખ શ્યામ ભાઈ ભાનુશાલી તથા ભાનુશાલી સમાજ ના અગ્રણી તથા ક્ષત્રિય સમાજ ના અગ્રણી અજીતસિંહ જાડેજા કિરીટસિંહ જાડેજા મહેશ્વરી સમાજ ના રામજીભાઈ. મુરજીભાઈ.ખીમજીભાઈ તથા હાજાપર ગામના અગ્રણી ખીમજીભાઈ ભાનુશાલી કનૈયાલાલ ભાનુશાલી ધવલભાઈ જોશી મોમાયા ફાર્મ ગુસાઈ સમાજ ના અગ્રણી ચૌધરી સમાજ ના અગ્રણીઓ સાથે મુલાકાત થઈ અને પી એમ જાડેજા સાહેબ ને જંગી બહુમતી થી જીતાડવ નમ્ર અપીલ કરી પ્રવાસ માં ખીરસરા કોઠારા સીટ ના સંકર ભાઈ પટેલ કિશન મોરચા ના રમેશ ભાઈ પટેલ અજયસિંહ જાડેજા લઘુમતી મોરચા ના જુસબ ભાઈ રાયમા નરેડી તાલુકા પંચાયત સીટ ના મહેન્દ્રભાઈ ગજરા (ભાનુશાલી) આઈ ટી સેલ ના ઈન્ચાર્જ પિયુષભાઈ ભાનુશાલી કાદિર ભાઈ રાયમા હાજર રહ્યા હતા એ જય ગજરા (ભાનુશાલી) સહ ઈન્ચાર્જ સોશ્યલ મીડિયા અબડાસા તાલુકા ભાજપ ની યાદીમાં જણાવ્યું હતું .

## પ્રાંતિજ વિધાનસભા ભાજપ ના ગજેન્દ્રસિંહ પરમાર ના પ્રચારમાંએમ.પી નામંત્રીનુ નનાનપુર ગામે ભવ્ય સ્વાગત



કમલમ્ ન્યુઝ,

ગુજરાત વિધાનસભા ની ચૂંટણીઓનો પ્રચારનો ધમધમાટ શરૂ છે ત્યારે સાબર કાંઠા જિલ્લાના પ્રાંતિજ તલોદ વિધાનસભા ના ભાજપના ઉમેદવાર શ્રી ગજેન્દ્રસિંહ પરમાર નાપ્રચાર ઝૂંબેશ અભિયાનમાં પ્રાંતિજ તાલુકાના નનાનપુર ગામે સાબર કાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ ની આગેવાનીમાં નીકળેલ પ્રચાર સભામાં મધ્ય પ્રદેશના રાજયકક્ષાના નાણામંત્રી શ્રી જગદીશભાઈ દેવરાજજીનુ ગ્રામજનો વતી નનાનપુર ગામના સરપંચ અને જીલ્લા સહકારી આગેવાન ભાજપ ના કાર્યકર ગીરીશભાઈ પટેલ ઉપ સરપંચશ્રી જનકભાઈ પટેલ અને શિક્ષણપ્રેમી અને ભાજપના ચૂસ્ત નેતા રમેશભાઈ બી પટેલ સહિતના આગેવાનો દ્વારા ભવ્ય સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતુ..



કમલમ્ ન્યુઝ,બીના પટેલ

૧૧૦ આંકલાવ વિધાનસભાના વાસદ સાંસદ કાર્યાલય ખાતે યોજાયેલ યુવા મોરચાની બેઠકમાં રાષ્ટ્રીય મહામંત્રી સી.ટી રવિ, મધ્ય પ્રદેશના મંત્રી શ્રી હરદિપસિંહ ડાંગ,સાસંદ શ્રી મિતિષભાઈ પટેલ, શ્રી મદનલાલજી, શ્રી અમિતભાઈ,વિધાનસભાના ઈન્ચાર્જ શ્રી ભાવેશભાઈ પટેલ, શ્રી દેવેન્દ્ર શર્મા સહિત યુવા મોરચા હોદેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## મુન્દ્રા તાલુકાના લુણી અને વવાર ગામના વિદ્યાર્થીઓને આરોગ્યલક્ષી માર્ગદર્શન અપાયું



**ચાઈલ્ડ એન્ડ એડોલેશન સેફ્ટી વીક અંતર્ગત ગુડ ટચ, બેડ ટચ અંગે માહિતગાર કરાયા**

કમલમ્ ન્યુઝ,મુન્દ્રા

તાજેતરમાં તાલુકા હેલ્થ ઓફિસર ડો. કૈલાશપતિ પાસવાનના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ભદ્રેશ્વર હેઠળના લુણી અને વવાર ગામના બાળકોને રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત આરોગ્યલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં આરોગ્ય કેન્દ્રના ડો. સેમલ, કિશોર સ્વાસ્થ્ય સલાહકાર મહેન્દ્ર વાઘેલા, આરોગ્ય કાર્યકર પ્રિયંકાબેન તથા ભરતભાઈ રમણા દ્વારા જીવન કૌશલ્યો વિકસાવવા, પૌષ્ટિક આહાર લેવા તથા જીવનમાં કસરત અને રમત ગમત દ્વારા તંદુરસ્ત રહેવાની શીખ આપવામાં આવી હતી. આ ઉપરાંત ચાઈલ્ડ એન્ડ એડોલેસન સેફટી વીક અંતર્ગત શારીરિક અને જાતીય હિંસા તેમજ ગુડ ટચ અને બેડ ટચ અંગે બાળકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ મહેંદી સ્પર્ધા તથા વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરીને વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના શિક્ષકો, આરોગ્ય કર્મચારીઓ તેમજ સ્થાનિક આશા બહેનોએ જહેમત ઉઠાવી હતી.

# વડોદરામાં "વડાપ્રધાન"-કહ્યું "આજે તમારી પાસે કંઈક માંગવા આવ્યો છું,આ વખતે આપણે મતદાનના બધા રેકોર્ડ તોડવા છે



કમલમ્ ન્યુઝ,ચિરાગ પાંડેય

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીને લઈને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. રાજકીય પક્ષો દ્નારા જોરશોરથી પ્રચાર કરવામાં આવી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક દિવસના અંતરાળ બાદ ફરી બે દિવસ ગુજરાતના પ્રવાસે છે. આજે મોદીની ગુજરાતમાં ચાર સભા છે. જેમાં સૌ પ્રથમ બપોરે એક વાગ્યે મહેસાણા જિલ્લાની ૭ વિધાનસભાની બેઠકોની સંયુક્ત સભા મહેસાણાના રાધનપુર ચાર રસ્તા નજીક એરોડ્રામ ખાતે સંબોધી હતી. ત્યારબાદ દાહોદમાં જંગી સભા સંબોધી હતી અને હવે ભાજપનો ગઢ ગણાતા વડોદરામાં પહોંચ્યા છે. વડોદરામાં નવલખી ગ્રાઉન્ડમાં વડાપ્રધાન મોદીએ જંગી જનસભા સંબોધી હતી. તેમણે જણાવ્યું હતુ કે

- વડોદરા સાંસ્કૃતિક અને શિક્ષણની નગરી...
- આટલી મોટી સંખ્યામાં જનમેદની આવી હુ હદયપૂર્વક તમારો આભાર માનુ છુ.
- જ્યારે લોકોને મળવાનુ થયુ એમનો ઉત્સાહ જોયો ત્યારે સ્પષ્ટ દેખાય છે કે આ ચૂંટણી ન તો નરેન્દ્ર કે ન તો ભૂપેન્દ્ર પરંતુ આ વખતે ગુજરાતની ચૂંટણી જનતા લડી રહી છે.
- કોઈ સરકારને ફરી બેસાડવા માટે આટલો ઉત્સાહ હોય તે અધ્યયનનો વિષય છે.
- અતૂટ વિશ્વાસનુ માધ્યમ છે વિકાસ
- અખંટ એકધારા વિકાસનું પરિણામ છે નિરંતર આર્શીવાદની વર્ષા ચાલી રહી છે.
- ખૂણે ખૂણે એક જ મંત્ર સંભળાય છે "ફરી એક વાર મોદી સરકાર"
- ગયા ૨૦ વર્ષમાં અનેક સમસ્યાને દૂર કરતા આજે ગુજરાત અહીં પહોંચ્યુ છે
- પરંતુ આપણે અહીં અટકવા માંગતા નથી
- આપણો સંકલ્પ છે આપણું ગુજરાત વિકસીત ગુજરાત હોવુ જોએ
- આ વિકસીત ગુજરાત કોણ બનાવે છે?
- આ વિકસીત ગુજરાત બનાવશે ગુજરાતના નાગરિકો
- તમારા વોટની એક તાકાત એ વિકસીત ગુજરાત બનાવશે
- આપણે અમૃતકાળમાં છીએ
- ૨૫ વર્ષ આપણા જીવનના મહત્વના હોય તેમ આગામી ૨૫ વર્ષ ગુજરાત માટે અત્યંત મહત્વના છે
- ગુજરાતમાં માતા-બહેનો માટે સુખ શાંતિ માટે એક વાતાવરણ છે
- મોડી રાત્રે પણ બહેનો ફરતી હોય છે તે જોઈને બહારથી આવેલા લોકો આનંદ અનુભવે છે .
- છાસવારે તોફાનો થતાં હતા, અસામાજિક તત્વોની દહેશત હતી, ગાંધીનગરમાં બેઠેલા લોકો તેમને આશ્રય આપતા હતા, તે કોંગ્રેસના જમાનાની રાજનીતિ હતી
- આપણે શરૂઆતમાં આંખ એવી લાલ કરી કે બહેનોને સુરક્ષીત વાતાવરણ મળ્યુ
- ગુજરાતના લોકોને કોંગ્રેસના રેકોર્ડની ખબર હોવી જોઈએ
- હવે ગુજરાત વિકાસની નવી ઉંચાઈ પર પહોંચ્યુ
- ભાજપે ઔદ્યોગિક વિકાસ માટે જે વાતાવરણ બનાવ્યુ તેનો લાભ ગુજરાતને મળ્યો
- ૨૦ વર્ષ પહેલા ગુજરાતમાં કુલ રાજ્યનો સ્થાનિક ઉત્પાદન એકલાખ કરોડ આસપાસ હતો આજે ૧૭ લાખ કરોડ આસપાસ હતો
- હુ જ્યારે આવ્યો ત્યારે મે જેટલુ કહ્યુ તેમાં બધી જ બાબતે હુ સાચ્ચો પડ્યો છુ.
- વડોદરામાં હવાઈજહાજ બનાવવાનુ કારખાનુ બનશે.જેનુ કામ ચાલી રહ્યુ છે
- સાવલીમાં બનેલી રેલકાર વિદેશમાં જાય છે
- હાલોલ,કાલોલ,ગોધરામાં મોટા પાયે ઔદ્યોગિક વિકસી રહ્યા છે.
- વડોદરાના પટ્ટામાં સાયકલ,મોટરસાયકલ, રેલવે ,એન્જિન અને હવે હવાઈજહાજ પણ બનશે
- ગુજરાત આજે ઓટો હબ, પેટ્રો હબ, કેમિકલ હબ અને ફાર્મા હબ બની ગયું છે
- ૩૦૦ કરોડ કરતા વધુ મુડીરોકાણવાળી ડઝનો કંપનીઓ આપણા વડોદરામાં છે, ઘણી જગ્યાઓએ એકપણ નથી હોતી
- વડોદરા, હાલોલ, કાલોલ, ગોધરા અને દાહોદ આ ૫ શહેરોને જોડતો જે પટ્ટો છે, એ દિવસ દૂર નહીં હોય જ્યારે આ પટ્ટો હાઈટેક એન્જિનિયરિંગ મેન્યુફેક્ચરિંગનો કોરિડોર બની જશે.
- આત્મવિશ્વાસ અને આત્મનિર્ભર બનવાની તાકાત ગુજરાતમાં દેખાય છે
- ગુજરાત અને દેશે દુનિયા માટે નમૂનારૂપ કામ કર્યુ છે
- દુનિયામાં સસ્તામાં સસ્તો ડેટા ભારતમાં છે.
- તમે મને વડોદરાથી દિલ્હી મોકલ્યો ત્યારે દુનિયામાં આપણે ૧૦માં નંબરે હતા. અત્યારે આપણે ૫માં ક્રમે પહોંચી ગયા
- ગુજરાતમાં કોલસો નથી તેમ છતાં પણ ગુજરાત ઝુક્યુ નહીં,ગુજરાતમાં અંધારામાં નહી તેજ પ્રકાશમાં રાખવાનુ કામ કર્યુ
- આજે સૌર ઉર્જામાં ભારત દુનિયામાં પાંચમા નંબર અને દેશમાં ગુજરાત પ્રથમ સ્થાને છે
- આજે એક સવાલ જરૂર પૂછીશ.આજે ગુજરાતમાં વિજળી માટે વલખા મારતા હોત તો આપણુ ભવિષ્ય પણ અંધારામાં હોત.
- આ તો સયાજીરાવ ગાયકવાડની નગરી છે.
- મારુ સૌભાગ્ય છે કે સયાજીરાવ ગાયકવાડે બનાવેલી શાળામાં હુ ભણીને આવ્યો છુ.
- વડોદરા ઉચ્ચ શિક્ષાનું હબ બની ગયુ છે
- ૨૦ વર્ષમાં ઉચ્ચ માધ્યમિક શાળાઓની સંખ્યામાં બે ગણો વધારો કર્યો છે, કોલેજ અને યુનિવર્સિટીઓની સંખ્યા પણ વધારી છે
- વડોદરામાં જ ડિગ્રી અને ડિપ્લોમાની ૩૦ કોલેજો બની ગઈ છે, વડોદરામાં જ ગતિ શક્તિ યુનિવર્સિટી બની રહી છે, ડિજીટલ ટેક્નોલોજીમાં ગુજરાત હરણફાળ ભરી રહ્યું છે
- વડોદરામાં જ ગતિશક્તિ જ યુનિવર્સિટી બની રહી છે. આ યુનિવર્સિટીમાં નવજવાનોને તૈયાર કરવાનુ કામ થવાનું છે.
- વિકાસ સર્વાંગી અને સંવેદનશીલ હોય તે ખૂબ જરૂરી છે
- ગરીબમાં ગરીબને મફતમાં વેક્સીન મળે તેની ચિંતા આપણે કરી છે.
- ભાજપની સરકારે ગરીબોના ઘરમાં ચૂલો ઓલવાય નહી તે માટે મફત અનાજ આપ્યુ છે
- કોંગ્રેસને વોટ બેંકની ચિંતા હતી એટલે તિર્થયાત્રા માટે કંઈ વિચાર્યુ જ નહીં
- પાવાગઢના શિખર પર ધ્વજ ન હતો. ૫૦૦ વર્ષ પછી ધ્વજ ફરકાવવાનો મોકો મને મળ્યો
- આજે પાવાગઢ જતા લોકોની સંખ્યામાં વધારો થયો છે
- આજે વડોદરા પાસે કંઈક માંગવા આવ્યો છુ..માંગુ ?
- આ વખતે આપણે મતદાનના બધા રેકોર્ડ તોડવા છે.લોકશાહીનો ઝંડો ફરકાવવો છે
- મતદાન તો વધારે થાય પરંતુ કમળ પણ વધારે નિકળવા જોઈએ.
- મારુ બીજુ અંગત કામ કરશો ?
- બધાને મળો ત્યારે કહેજો વડોદરામાં નરેન્દ્રભાઈ આવ્યા ત્યારે પ્રમાણ પાઠવ્યા છે.

# હિંમતનગર ખાતે મુક-બધિર દિવ્યાંગ મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,હિંમતનગર

જિલ્લા ચુંટણી અધિકારીશ્રી હિતેષ કોયા અને કલેક્ટરશ્રી સાબરકાંઠાના માર્ગદર્શન હેઠળ પી.ડબલ્યુ.ડી નોડલ ઓફિસર અને નાયબ નિયામક (વિ.જા) સાબરકાંઠા તેમજ સ્વીપ નોડલ ઓફિસર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, સાબરકાંઠાના સયુંક્ત ઉપક્રમે શિશુ સેવા કલ્યાણ મંડળ સંચાલિત બહેરા-મુંગા બાળકોની શાળા, મોતીપુરા, હિંમતનગર ખાતે મુક-બધિર દિવ્યાંગ મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. વિધાનસભા સામાન્ય ચુંટણી-૨૦૨૨ અંતર્ગત મુક-બધિર દિવ્યાંગજનોની ચુંટણીમાં સહભાગીતા વધે તથા મતદાન પ્રક્રિયાથી માહિતગાર કરવાના ઉદ્દેશ્યથી "મુક-બધિર દિવ્યાંગ મતદાર જાગૃતિ કાર્યક્રમ" નું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં આસી.નોડલ પી.ડબ્લ્યુ.ડી. અને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી સાબરકાંઠા દ્વારા જિલ્લાના તમામ મુક-બધિર દિવ્યાંગજનો મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે અને તેમની સહભાગીતા વધે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ.મતદાનના દિવસે અકશ્ય મતદાન કરે તે માટે અનુરોધ કરી મતદાન શપથ લેવડાવવામાં આવ્યા હતા. પી.ડબલ્યુ.ડી નોડલ ઓફિસર અને નાયબ નિયામક (વિ.જા)






સાબરકાંઠા દ્વારા મુક-બધિર દિવ્યાંગજનોને મતદાનના દિવસે ઉપલબ્ધ થનાર સાઈન લેગ્વેજના નિષ્ણાતોની સુવિધાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા તેમજ હાજર મુક-બધિર દિવ્યાંગજનોને મતદાનના દિવસે સાંકેતીક ભાષાનો ઉપયોગ કરી મતદાન કરીશકશે તે માટે સાંકેતીક ભાષાના વીડીયો માધ્યમથી સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના ઇ. આચાર્યશ્રી રાજેશભાઈ ડી રાઠોડ અને સ્ટાફ ઉપસ્થિત રહી લોકશાહીના આ અવસરને સફળ બનાવવા અપીલ કરી હતી.

# મતદાર જાગૃતિ મલ્ટીમીડિયા પ્રદર્શનનું આત્મીય યુનિવર્સિટી ખાતે થયું ઉદ્‌ઘાટન







## કેન્દ્રીય સંચાર બ્યુરો અને આત્મીય યુનિવર્સિટીના સંયુક્ત આયોજન દ્વારા મતદાર જાગૃતિ અભિયાનનો થયો પ્રારંભ

કમલમ્ ન્યુઝ,રાજકોટ,

ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના કેન્દ્રીય સંચાર બ્યુરો દ્વારા લોકશાહીનો અવસર ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ના ઉપક્રમે મતદાર જાગૃતિ અભિયાનનું વિભિન્ન કાર્યક્રમ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટ ખાતે આત્મીય યુનિવર્સિટીના સહયોગથી મતદાન જાગૃતિ મલ્ટીમીડિયા પ્રદર્શન સાથે બહુવિધ કાર્યક્રમનું આયોજન વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનાં પ્રથમ દિવસે આકાશવાણી ,રાજકોટના પ્રોગ્રામ એક્ઝિક્યુટિવ પ્રેરકભાઈ વૈદ્ય અને આત્મીય યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. શિવ ત્રિપાઠીના હસ્તે આત્મીય યુનિવર્સિટી ખાતે મતદાતા જાગૃતિ મલ્ટીમીડિયા પ્રદર્શનને ખુલ્લું મૂકવામાં આવ્યું છે. પ્રદર્શનના આયોજનને બિરદાવતા આકાશવાણી, રાજકોટના પ્રોગ્રામ એક્ઝિક્યુટિવ પ્રેરકભાઈ વૈદ્યએ જણાવ્યું કે યુવા મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરે તે માટે તેમને જાણકારી સાથે જાગૃતતા ફેલાવતું આ પ્રદર્શનનું આયોજન સરાહનીય છે. વધુમાં તેમણે જણાવ્યું કે આપણા બંધારણે દેશના નાગરિકોને ઈચ્છિત સરકારને ચુંટવા માટે લોકશાહીમાં મતદાન કરવાનો અધિકાર આપ્યો છે. ત્યારે એ બંધારણનું સન્માન જાળવવા અને મહત્તમ મતદાન થાય તે માટેના પ્રયાસો કરવા એ આપણા સૌની નૈતિકફરજ પણ બને છે. માટે દેશના નાગરિક તરીકે આપણે અચૂક મતદાન કરવું જોઈએ. આ પ્રસંગેઉપસ્થિતઆત્મીયયુનિવર્સિટીના કુલપતિ શિવ ત્રિપાઠીએ ચૂંટણીને લોકશાહીનો સૌથી મોટો અવસર ગણાવી આ અવસરની ઉજવણીમાં સૌને સામેલ થવાના અનુરોધ સાથે સવિશેષ યુવા મતદારોને લોકતંત્રમાં પોતાની ભાગીદારીને સુનિશ્ચિત કરવા અચૂક મતદાન કરવાની અપીલ કરી હતી. કેન્દ્રીય સંચાર બ્યુરો,જૂનાગઢના અધિકારી દેવેન્દ્ર ત્રિવેદીએ લોકશાહીમાં મતદાનના મહત્વની સમજ સાથે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા અંગે જાણકારી આપતા પ્રદર્શન સહિતના વિશેષ કાર્યક્રમ અંગે માહિતી આપી હતી. વધુમાં તેમણે જણાવ્યું કે લોકશાહીના આ પર્વમાં યુવા મતદારો ઉત્સાહભેર ભાગ લઈ સો ટકા મતદાન કરે તેવા ઉદ્દેશ્ય સાથે આયોજિત આ સમગ્ર કાર્યક્રમમાં યુવા મતદારોને જાણકારી સાથે જાગૃતતા ફેલાય તેવા બહુવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આત્મીય યુનિવર્સિટીના સહયોગ થકી આયોજિત આ મતદાર જાગૃતિ અભિયાનમાં સિગ્નેચર કેમ્પેઈન, મતદાન શપથ ગ્રહણ, સંવાદ, પોસ્ટર સ્પર્ધા ડિબેટ સ્પર્ધા, પ્રશ્નોત્તરી સ્પર્ધા, સ્લોગન સ્પર્ધા,જેવા વિભિન્ન કાર્યક્રમો સાથે શેરી નાટકો દ્વારા પણ મતદાન જાગૃતિનો સંદેશ ફેલાવવામાં આવશે. ઉદ્‌ઘાટન સમારોહમાં આત્મીય યુનિવર્સિટીના ડેપ્યુટી રજીસ્ટર ડો.આશિષ કોઠારી સહિત યુનિવર્સિટીના વિભિન્ન વિભાગના અધિકારી- કર્મચારીગણ તેમજ કોલેજના યુવા વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમમાં નાટકના માધ્યમથી મનોરંજન સાથે મતદાર જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો. સ્લોગન સ્પર્ધા અને પોસ્ટર સ્પર્ધાના વિજેતાઓને વિભાગ દ્વારા ઈનામ આપી પ્રોસાહિત કરવામાં આવ્યા હતા.

# કચ્છની શાળાઓમાં ચુનાવ પાઠશાળાનું આયોજન

કમલમ્ ન્યુઝ,

વિધાનસભા સામાન્ય ચુંટણી-૨૦૨૨ અંતર્ગત મતદારો સક્રીયપણે મતદાન કરીને લોકશાહીને મજબુત કરે તે માટે સ્વીપ પ્રવૃત્તિ અંતર્ગત કચ્છની શાળાઓમાં ચુનાવ પાઠશાળાની પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે . જે હેઠળ જિલ્લાની વિવિધ શાળાઓમાં ચુનાવ પાઠશાળાનું આયોજન કરાયું હતું. ચુનાવ પાઠશાળાનો મુખ્ય હેતુ શાળા કક્ષાએ શિક્ષકો દ્વારા શાળાના બાળકો તથા તેમના વાલીઓને મતદાન વિશે મુંઝવતા પ્રશ્નો તથા વધુમાં વધુ મતદાન થાય તેના માટે જાગૃત કરવાનો છે. આ માટે એક દિવસીય ચુનાવ પાઠશાળાનું આયોજન કરવામાં આવે છે. જેમાં સમગ્ર શાળા સ્ટાફ, ગામના અગ્રણીઓ, બાળકોના વાલીઓ અને નાગરીકો આ ચુનાવ પાઠશાળામાં ભાગ લે છે.



# મતદાન જાગૃતિ માટે વલસાડના તિથલમાં જિલ્લા ચૂંટણી અધિકારી ક્ષિપ્રા આગ્રેએ લીલીઝંડી આપી બીચ મેરેથોનને પ્રસ્થાન કરાવી

- સમુદ્ર કાંઠે રહેતા લોકો અને બીચ ઉપર ઉપસ્થિત નાગરિકોને વધુમાં વધુ મતદાન માટે પ્રેરિત કરાયા
- ફર્સ્ટ ટાઈમ વોટર એવા કોલેજીયન વિદ્યાર્થીઓના ફોનમાં VALSAD -DEO એપ ડાઉનલોડ કરાવાઈ

કમલમ્ ન્યુઝ,વલસાડ

ભારતના ચૂંટણી પંચ દ્વારા વિધાનસભા ચૂંટણી આગામી ડિસેમ્બર ૨૦૨૨ના SVEEP કેલેન્ડર મુજબ મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત વધુમાં વધુ મતદાન થાય તે માટે મતદારોમાં મતદાન જાગૃતિ કેળવવા તા.૨૩-૧૧-૨૦૨૨ના રોજ સવારે ૭ કલાકે વલસાડના તિથલ બીચથી સ્વામિનારાયણ મંદિર સુધી બીચ મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને જિલ્લા ચૂંટણી અધિકારી-વ- જિલ્લા કલેકટર ક્ષિપ્રા આગ્રે અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી ઉમેશ શાહે લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવી હતી. દરિયા કિનારે રહેતા લોકો મતદાન કરવા માટે જાગૃત થાય અને તા. ૧ ડિસેમ્બરના રોજ વધુમાં વધુ મતદાન કરે એવા શુભ આશય સાથે "વોટ આપવાનું ભૂલશો નહી" બેનર સાથે આ બીચ મેરેથોન યોજાઈ હતી. જેના થકી લોકો સુધી પોતાના મતાધિકારનો ઉપયોગ કરવાનો સંદેશ પહોંચાડવામાં આવ્યો હતો. મેરથોનમાં સામેલ ફર્સ્ટ ટાઈમ વોટર એવા કોલેજના તમામ વિદ્યાર્થીઓને મોબાઈલમાં VALSAD -DEO એપ ડાઉનલોડ કરાવી વોટરના પોલિંગ બુથ વિશે સમજ આપી પોતે તેમજ આસપાસના નાગરિકોને લોકશાહીમાં મતદાન કરાવવા જણાવ્યું હતું.આ મેરેથોનમાં રમત ગમતમાં રસ ધરાવતા વલસાડની કોલેજ અને શાળાઓના વિદ્યાર્થીઓ, જિલ્લાના વ્યાયામ શિક્ષકો, એન.સી.સી.ના વિદ્યાર્થીઓ, સરકારી કર્મચારીઓ તેમજ જુદી જુદી શાળા અને સંસ્થાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. જેઓએ મેરેથોનમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ બીચ ઉપર ઉપસ્થિત નાગરિકોને વધુમાં વધુ મતદાન કરવા માટે પ્રેરિત કર્યા હતા. બીચ મેરેથોનનું આયોજન વલસાડ જિલ્લા રમત ગમત અધિકારી દિનેશ પી. નાડોદા અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના શિક્ષણ નિરીક્ષક બિપિનભાઈ પટેલ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, મતદારોમાં મતદાન માટે જાગૃત્તિ આવે અને વધુમાં વધુ મતદાન કરી લોકશાહીના મહાપર્વની ખરા અર્થમાં ઉજવણી થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી ક્ષિપ્રા આગ્રેના નેતૃત્વ અને માર્ગદર્શનમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેમાં જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃત્તિ પ્રદર્શન, સાયકલ/બાઈક રેલી, વિદ્યાર્થીઓ દ્વારા પરિવારને મતદાન માટે પત્ર, સિગ્નેચર ડ્રાઈવ અને આશાવર્કર, સખી મંડળ અને આંગણવાડી વર્કરો દ્વારા મતદાન જાગૃત્તિના વિવિધ કાર્યક્રમો હાથ ધરાઈ ચૂક્યા છે.



# ગુજરાતની જનતાએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના રૂપમાં દેશને બે સિંહ આપ્યા છે. -શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત

**મોદી સરકાર દ્વારા કલમ ૩૭૦ નાબૂદ કરાતા વિદ્યાર્થીકાળથી જ જહાં હુએ બલિદાન મુખર્જી, વો કાશ્મીર હમારા હૈ, જો કાશ્મીર હમારા હૈ વો સારે કા સારા હૈ ના નારા લગાવનાર મારા જેવા એનેક વ્યક્તિઓ અને દેશના કરોડો નાગરિકોની ઈચ્છા પરિપૂર્ણ થઈ છે. -શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત**










## કોંગ્રેસના શાસનમાં ગુંડાઓ, માફિયાઓથી ત્રસ્ત ગુજરાત, રમખાણો, કરફ્યુ અને અરાજકતાના દિવસોમાં જીવતું ગુજરાત પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ભાજપાના શાસનમાં દેશમાં વિકાસની બાબતમાં નંબર ૧ બન્યું છે. -શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત

કમલમ્ ન્યુઝ,

ગુજરાત વિધાનસભા ચૂંટણીના જૂજ દિવસો બાકી રહ્યા છે ત્યારે તા.૨૨ નવેનબર ૨૦૨૨, મંગળવારે કેન્દ્રીય મંત્રીશ્રી ગજેન્દ્રસિંહ શેખાવતે ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ભાજપાના ઉમેદવાર રીટાબેન પટેલના સમર્થનમાં પેથાપુર ખાતે જાહેરસભાને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતુ કે, ગુજરાતની જનતાએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના રૂપમાં દેશને બે સિંહ આપ્યા છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરવાનો ઐતિહાસિક નિર્ણય લઈ કાશ્મીરને સાચા અર્થમાં ભારત સાથે જોડયું છે. કિશોરાવસ્થામાં વિદ્યાર્થીકાળથી જ જહાં હુએ બલિદાન મુખર્જી, વો કાશ્મીર હમારા હૈ, જો કાશ્મીર હમારા હૈ વો સારે કા સારા હૈ ના નારા લગાવનાર મારા જેવા એનેક વ્યક્તિઓ અને દેશના કરોડો નાગરિકોની ઈચ્છા પરિપૂર્ણ થઈ છે. આજે અયોધ્યામાં દેશના કરોડો નાગરિકોની આસ્થા જે હતી તે ભવ્ય રામમંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. ગુજરાતનું વિકાસ મોડલ અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ છે.

કોંગ્રેસના શાસનમાં ગુંડાઓ, માફિયાઓથી ત્રસ્ત ગુજરાત, રમખાણો, કરફ્યુ અને અરાજકતાના દિવસોમાં જીવતું ગુજરાત પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ભાજપાના શાસનમાં દેશમાં વિકાસની બાબતમાં નંબર ૧ બન્યું છે.

આજે ગુજરાત વિકાસ, શાંતિ, સલામતીનો પર્યાય છે. ગુજરાતના સપૂત પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને વિકાસમાં અગ્રેસર બનાવ્યું અને આજે જનતાના આશીર્વાદથી સમગ્ર ભારતને વિકસિત કરી રહ્યા છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીમાં નેતૃત્વમાં કોરોના સામે રક્ષણ માટે ૨૩૦ કરોડ વેકસીનના ડોઝ વિનામૂલ્યે આપવામાં આવ્યા છે, દેશના ૮૦ કરોડ નાગરિકોને ૨ વર્ષથી વિનામૂલ્યે ૫ કિલો અનાજ મળી રહ્યું છે. આ ઉપરાંત દેશનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધુનિક બની રહ્યુ છે, રોડ રસ્તાનું નેટવર્ક ઐતિહાસિક ગતિથી વધી રહ્યું છે, ૧૦ કરોડ શૌચાલય, ૯ કરોડ ગેસ કનેક્શન, ૪૦ કરોડ બેક્ક ખાતા, આયુષમાન ભારત સહિતના કામો સિવાય જન કલ્યાણની અનેક યોજનાઓ અમલી બની છે.

ગુજરાત સમગ્ર દેશ માટે વિકાસનું મોડેલ છે, ગુજરાતને દેશ અને વિશ્વમાં અગ્રેસર બનાવનાર શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના પ્રધાનમંત્રી છે ત્યારે ગુજરાતમાં ભાજપાને પ્રચંડ વિજય મળશે તે સુનિશ્ચિત છે. શ્રી શેખાવતે ભાજપાના ઉમેદવાર શ્રીમતી રીટા પટેલને વોટ આપી વિકાસની રાજનીતિને આગળ વધારવા, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હાથ વધારે મજબૂત કરવા ગાંધીનગરની જનતાને આહવાન કર્યું હતું.

આ પ્રસંગે ભાજપાના ઉમેદવાર શ્રીમતી રીટાબેન પટેલ ઉપરાંત શહેર ભાજપ પ્રમુખશ્રી ઋચિર ભટ્ટ, મેયરશ્રી હિતેશ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, ઈન્ચાર્જશ્રી મહેન્દ્રસિંહ રાણા, મહામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, ગૌરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, પૂર્વ ધારાસભ્યશ્રી અશોક પટેલ, સિનિયર અગ્રણીશ્રીઓ, સંગઠનના હોદ્દેદારો, ચૂંટાયેલા સભ્યો, કાર્યકર્તાઓ, શુભેચ્છકો, સમર્થકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રસિદ્ધ ગાયિકા અને ગુજરાતનું ગૌરવ એવા ઐશ્વર્યા મજમુદારે આ પ્રસંગે શ્રોતાગણને મધુર આવાજ ગીત ગાઈને મનોરંજન પૂરું પાડ્યું હતું.

•Printer/Publisher/Owner &Editor: Mahesh N.Patel.•Printed At:-CaptialOffset 801/1,Gi.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 •Published -At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar(Gujarat) 382028